# શાળાઓ તથા રમતગમતનાં મેદાનોની આસપાસના વાહનવ્યવહાર (ટ્રાફિક) ની સલામતીમાં સુધારણા લાવવા

જેમ જેમ પોતાનાં બાળકોને શાળાએ ગાડીમાં મુકવા આવનાર માતાપિતાઓની સંખ્યા વધતી જાય છે તેમ તેમ શાળાઓ તથા રમતગમતનાં મેદાનોની આસપાસના વાહનવ્યવહારનું પ્રમાણ પણ વધતું જાય છે. તમારાં બાળકોને માટે એક સલામતીભર્યું વાતાવરણ ઉભું કરવા માટે એક માતા કે પિતા તરીકે તમે ઘણી વસ્તુઓ કરી શકો છો:

- તમારી ગાડી ઘરે રહેવા દો અને તમારા બાળકને ચાલીને શાળાએ મુકવા જાઓ.
- જો તમારું બાળક પુરતી મોટી ઉમરનું હોય તો તેને બ્રેમ્પ્ટન ટ્રેન્ઝિટ લેવાની, ચાલતાં જવાની, સાઇકલ પર જવાની કે ઇનલાઇન સ્કેટ કરીને શાળાએ જવાની પરવાનગી આપો.
- જો તમે તમારા બાળકને ગાડીમાં જ મુકવા જતા હો તો શાળાઓની તેમ જ રમતગમતનાં મેદાનોની આસપાસમાં આવેલી વાહનવ્યવહારની સંજ્ઞાઓ વિષે સભાન રહી તેમને અનુસરીને સુરક્ષાભર્યું વાતાવરણ ઉભું કરવામાં મદદ કરો.

## નો પાર્કીંગ ઝોન



નો પાર્કીંગ ઝોનમાં ગાડી ઉભી ન રાખો. ઉતારુને ગાડીમાંથી ઉતરવા કે અંદર બેસવા જેટલી થોડીક વાર માટે તમે ઉભી રાખી શકો પરંતુ તમે ગાડીમાં બેસીને રાહ ન જોઇ શકો કે તમારી ગાડીને તમારી ગેરહાજરીમાં મુકીને ન જઇ શકો

## નો સ્ટોપીંગ ઝોન



નો સ્ટોપીંગ ઝોનમાં કોઇ પણ કારણસર વાહન ઉભું રાખશો નહીં. આવા વિસ્તારોમાં ઉભા રાખેલા વાહનથી બીજા વાહનચાલકો તથા પગપાળા જનારાં લોકોને જોવામાં નડતર ઉભું થઇ શકે છે અને તે સખત અથડામણ થવાની શક્યતા વધારી શકે છે.

નીચેની જગ્યાઓએ તમે 'નો સ્ટોપીંગ ઝોન' જોશો:

- શાળાને માટે નિયત કરેલી રસ્તો ઓળંગવાની જગ્યાના ૧૫ મીટરની અંદર
- (ઇન્ટરસેક્શન) બે કે વધુ રસ્તાઓના ક્રોસિંગના ૧૫ મીટરની અંદર
- શાળાની જમીન, રમતગમતનું મેદાન કે બગીચાને લાગીને જતા રસ્તાની બંને બાજુએ

## કીસ એન્ડ રાઇડ

તમારાં બાળકોને શાળાએ ઉતારવાનું કે ગાડીમાં બેસાડવાનું કામ જલ્દીથી અને કુશળતાપૂર્વક કરવા માટે આ વિસ્તારો બનાવેલા હોય છે. કીસ એન્ડ રાઇડ વિસ્તારમાં વાહન ઉભું ન રાખો કે તેને મુકીને જતા રહેશો નહીં

## ફાયર રૂટ્સ

ક્ટોકટી વખતે ફાયર અને ઇમરજન્સીના માણસોને મકાન સુધી જલ્દીથી પહોંચવામાં ફાયર રૂટ્સ મદદરુપ થાય છે. તમારાં બાળકોને ઉતારવા કે ગાડીમાં બેસાડવા જેટલા સમય માટે પણ આવા રસ્તાઓને રોકી રાખવા એ બધાને જ માટે ખુબ જ જોખમકારક છે. ફાયર રૂટનો દુરુપયોગ કરવા માટે તમને દંડ થઇ શકે છે.

## ક્રોસિંગ ગાર્ડ્સ




ક્રોસિંગ ગાર્ડના હાથમાં રહેલ સ્ટોપ સાઇનની કાયદેસરની સત્તા ઇન્ટરસેક્શન પરની સ્ટોપ સાઇન જેટલી જ છે. આ સત્તાની વ્યાખ્યા ઓન્ટેરીઓ હાઇવે ટ્રાફિક એક્ટમાં કરેલી છે. જ્યારે ક્રોસિંગ ગાર્ડ ઉચી કરેલી સ્ટોપ સાઇન સાથે રસ્તામાં દાખલ થતા હોય ત્યારે તમારે ઉભા રહી જવું જોઇશે અને જ્યાં સુધી બાળકો તથા ક્રોસિંગ ગાર્ડ રસ્તા પરથી સલામતીપૂર્વક હટી ન જાય ત્યાં સુધી ઉભા રહેવું જોઇશે.

## શાળાની બસો




કોઇ પણ રસ્તા પર ઉભી રહેલી અને તેના છાપરા પરની વારાફરતી ઝબુકતી લાલ સિગ્નલ લાઇટવાળી શાળાની બસની નજીક આવનાર વાહનચાલકે બસથી ઓછામાં ઓછા ૨૦ મીટર પહેલાં ઉભા રહી જવું જોઇશે. જ્યાં સુધી બસ ચાલવા ન માંડે અથવા તેની ઝબુકતી લાલ સિગ્નલ લાઇટ બંધ ન થાય ત્યાં સુધી વાહનચાલક આગળ વધી શકશે નહીં.

## સ્કૂલ એરીયા સાઇનો



આ સાઇન વાહનચાલકને ચેતવણી આપે છે કે તેઓ હવે એક શાળાની પાસે આવી રહ્યા છે. ગાડી ધીમી કરો, બાળકોનું ધ્યાન રાખો અને ખુબ જ સાવચેતીપૂર્વક ગાડી ચલાવો.

## સ્કૂલ ક્રોસિંગ સાઇનો



આ સાઇન શાળા માટેની રસ્તો ઓળંગવાની જગ્યાની ચેતવણી આપે છે. બાળકો માટે સચેત રહો અને ક્રોસિંગ ગાર્ડના માર્ગદર્શનને અનુસરો. જ્યારે ક્રોસિંગ ગાર્ડ ક્રોસિંગ પર ન હોય ત્યારે વાહન ચલાવનારને ઉભા રહેવાની જરુર નથી.

## પિડેસ્ટ્રીઅન અહેડ સાઇનો



આ સાઇન ગાડી ચલાવનારને અગાઉથી સૂચના આપે છે કે તે જગ્યાએ પગપાળા જનાર માણસો હોઇ શકે છે.

## પ્લેગ્રાઉન્ડ અહેડ સાઇનો



આ સાઇન ગાડી ચલાવનારને અગાઉથી સૂચના આપે છે કે રસ્તા પર થોડે આગળ રમતગમતનું મેદાન આવે છે. રમવાના મેદાન પરથી આવજા કરતાં બાળકો રસ્તા પર હોઇ શકે છે.

## શા માટે જોખમ વહોરવું?

(સ્કૂલ ઝોન ટ્રાફિક રેગ્યુલેશન્સ) શાળાના વિસ્તારમાં વાહનવ્યવહારના કાયદા મુજબ ન વર્તવાથી સાચું નુકસાન એ થાય છે કે તમે બાળકોની અને તે રસ્તો વાપરનાર બીજા લોકોની સલામતીને જોખમમાં નાંખી શકો છો. એક વાહનચાલક તરીકે, એ અગત્યનું છે કે આપણાં, ખાસ કરીને શાળાઓ તથા રમતગમતનાં મેદાનોની આસપાસનાં રસ્તાઓને સલામત રાખવા. તે માટે તમે માર્ગવ્યવહારને કાબુમાં રાખતા કાયદાઓ તેમ જ સલામત પધ્ધતિનું માન રાખો

2009-0828

Brampton Safety Council

વધુ માહિતી માટે ફોન કરો:
૯૦૫.૮૭૪.૨૫૦૦ (905.874.2500)
• TTY ૯૦૫.૮૭૪.૨૧૩૦ (905.874.2130)

brampton.ca BRAMPTON Flower City